હાયલો ઓપન સિંધુ-અનમોલ વચ્ચે સેમી ફાઇનલ

સારબ્રુકેન (જર્મની), તા. 30 : હાયલો ઓપન સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પીવી સિંધુએ શુક્રવારે જર્મનીની અમાલી શુળઝને સીધી ગેમમાં માત્ર 27 મિનિટમાં 21-12, 21-10 થી હરાવીને પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખીને મહિલા સિંગલ્સ સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તેનો સામનો ભારતની જ અનમોલ ખરબ સાથે થશે. અનમોલે છઠ્ઠી ક્રમાંકિત ઉન્નતિ હુડાને ત્રણ ગેમમાં સખત મેચમાં 21-17, 18-21, 21-16થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

AITA ખજાનચી પદેથી દિનેશ અરોરાનું રાજીનામું સ્વીકારાયું

નવી દિલ્હી, તા. 30 : દિનેશ અરોરાએ નૈતિક ધોરણે ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (એઆઇટીએ)ની વચગાળાની કાર્યકારી સમિતિના ખજાનચી પદ પરથી રાજીનામું આપી દેતા તેને તાત્કાલિક અસરથી સ્વીકારવામાં આવ્યું છે. એક દિવસ પહેલા, અરોરાએ નાણાકીય અનિયમિતતાના આરોપો વચ્ચે પંજાબ લોન ટેનિસ એસોસિએશનના જનરલ સેક્રેટરી પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

જેમિમાહ રોડ્રિગ્સે પોતાને ફિટ જાહેર કરી

નવી દિલ્હી, તા. 30 : ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ટોચની ક્રમની બેટ્સમેન જેમીમા રોડ્રિગ્સે શુક્રવારે જાહેરાત કરી કે તે ઓગસ્ટમાં થયેલી ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગઈ છે અને મેચો માટે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. 'ધ હંડ્રેડ' ટુર્નામેન્ટમાં રોડ્રિગ્સને હેમસ્ટ્રિંગમાં ઈજા થયા પછી તે મહિલા એશિયા કપ અને એશિયન ગેમ્સમાંથી બહાર થઇ હતી. તે તાજેતરમાં ઘરઆંગણે ઝિમ્બાબ્વે સામે રમાયેલી મર્યાદિત ઓવરોની સીરિઝમાં પણ ભાગ લઈ શકી ન હતી.

હોંગકોંગ સિક્સીસ : ભારત પાકિસ્તાન સામે હાર્યું

કોલૂન, તા.30 : હોંગકોંગ ઇન્ટરનેશનલ સિક્સીસની આજે શુક્રવારે રમાયેલી મેચમાં ભારતનો પાકિસ્તાન સામે ચાર વિકેટથી પરાજય થયો હતો. પ્રથમ બેટિંગ કરતાં ભારત શશાંક સિંહના 11 બોલમાં 40 રન છતાં છ ઓવરમાં પાંચ વિકેટે 88 રન જ બનાવી શક્યું હતું. જવાબમાં પાકિસ્તાને ખ્વાજા નફેના 12 બોલમાં 41 અને અબ્બાસ આફ્રિદીના 8 બોલમાં 35 રનની મદદથી 3.5 ઓવરમાં બે વિકેટે 92 રન બનાવ્યા હતા. પહેલી મેચમાં યુએઈ સામે હારેલું પાકિસ્તાન હવે ગ્રુપ સીમાં આગળ છે.

ફિલિપ્સ-ડફીની જુગલબંદીથી ચોથી ટી-20 ભારત હાર્યું

ફિલિપ્સની સદીની મદદથી ન્યૂઝીલેન્ડે સાત વિકેટે 259 રન બનાવી ટી-20માં ભારત સામે સર્વાધિક લક્ષ્યાંક મૂક્યો

નવ વિકેટે 172 રન સુધી જ પહોંચી શક્તા રનની દૃષ્ટિએ ટી-20માં ભારતનો બીજો સૌથી મોટો પરાજય થયો

ત્રીજી ટી-20માં નિષ્ફળ રહેલા જેકબ ડફીએ ચાર વિકેટ ઝડપી, મિચેલ સેન્ટનર અને મેથ્યુ ફિશરની 2-2 વિકેટ

ઓકલેન્ડ, તા. 30 : ટી-20 સીરિઝની આજે શુક્રવારે અહીં રમાયેલી ચોથી મેચમાં ગ્લેન ફિલિપ્સની તોફાની સદી અને ઝડપી બોલર જેકબ ડફીની ઘાતક બોલિંગની મદદથી, ન્યુઝીલેન્ડે ભારતને 87 રનથી હરાવ્યું હતું, જે રનની દૃષ્ટિએ ટી-20 ઈન્ટરનેશનલમાં ભારતનો બીજો સૌથી મોટો પરાજય હતો. ભારતે પહેલી ત્રણ મેચ જીતીને સીરિઝ પહેલાથી જ સુરક્ષિત કરી લીધી છે.

પ્લેયર ઓફ ધ મેચ ફિલિપ્સે 49 બોલમાં 107 રન બનાવ્યા, જ્યારે માઈકલ બ્રેસવેલે માત્ર 25 બોલમાં 65 રન બનાવ્યા. આ જોડીએ પાંચમી વિકેટ માટે માત્ર 41 બોલમાં 115 રનની ભાગીદારી કરતા ન્યૂઝીલેન્ડે સાત વિકેટે 259 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ટી-20 ઈન્ટરનેશનલમાં ભારત સામે કોઈપણ ટીમનો આ સૌથી વધુ સ્કોર છે. જવાબમાં, ભારત વધારાના ઉછાળાવાળી પીચ પર નવ વિકેટે 172 રન જ બનાવી શક્યું.

મોટા લક્ષ્યાંક સામે ભારતને સારી શરૂઆતની જરૂર હતી, પરંતુ ઝડપી બોલર ડફીએ પહેલી જ ઓવરમાં સંજુ સેમસન અને ઈશાન કિશનને આઉટ કરીને તેમની આશાઓ પર પાણી ફેરવી દીધું. પ્રથમ ઓવર પછી ભારતનો સ્કોર બે વિકેટે માત્ર ચાર રન હતો. ટીમ આ શરૂઆતના ઝાટકામાંથી ક્યારેય બહાર આવી શકી નહીં. ભારત તરફથી સૌથી મોટી 46 રનની ભાગીદારી ત્રીજી વિકેટ માટે શ્રેયસ ઐયર અને અભિષેક શર્મા વચ્ચે થઇ હતી. જે ભારતની બેટિંગની નિષ્ફળતાને સમજાવવા માટે પૂરતી હતી.

આ પહેલા ભારતે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરતાં પ્રથમ દાવ લેવા ઉતરેલા ન્યૂઝીલેન્ડે 34 રનમાં જ બે વિકેટ ગુમાવી દીધી હતી. તે પછી ફિલિપ્સ અને ફિન એલને ત્રીજી વિકેટ માટે 59 રનની ભાગીદારી કરી હતી. જો કે ફિલિપ્સ અને બ્રેસવેલે તેમના માટે સૌથી મહત્વની 115 રનની ભાગીદારી કરીને મોટો સ્કોર બનાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. કિવી બેટ્સમેનોએ છેલ્લી પાંચ ઓવરમાં 85 રન બનાવીને ભારત સામે 260 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

ટી-20માં ભારત સામે સર્વાધિક સ્કોરના રેકોર્ડ

ટીમ	સ્કોર	સ્થળ	વર્ષ
ન્યૂઝીલેન્ડ	259/7	ઓકલેન્ડ	2026
ઈંગ્લેન્ડ	257/3	સાઉધેમ્પ્ટન	2026
વેસ્ટઇન્ડિઝ	252/4	રાંચી	2026
વેસ્ટઇન્ડિઝ	247/3	હૈદરાબાદ	2026
ઈંગ્લેન્ડ	246/7	મુંબઇ	2026

ટી-20માં રનની દૃષ્ટિએ ભારતની સૌથી મોટી હાર

ટીમ	હારનો માર્જીન	સ્થળ	વર્ષ
ઈંગ્લેન્ડ	125 રન	નોટિંઘમ	2026
ન્યૂઝીલેન્ડ	87 રન	ઓકલેન્ડ	2026
ન્યૂઝીલેન્ડ	80 રન	વેલિંગ્ટન	2019
દ. આફ્રિકા	76 રન	અમદાવાદ	2026
ઈંગ્લેન્ડ	56 રન	સાઉધેમ્પ્ટન	2026

ન્યૂઝીલેન્ડ	રન	બોલ	4	6
સૈફર્ટ કો.પ્રિન્સ બો.મયંક	3	5	0	0
એલન કો.અભિષક બો.અક્ષર	31	17	2	2
મિચેલ LB બો.મયંક	24	9	2	2
ફિલિપ્સ કો.અભિષેક બો.નીતિશ	107	49	6	10
જેકબ્સ કો.અર્શદીપ બો.મયંક	7	7	0	0
બ્રેસવેલ LB બો.પ્રિન્સ	65	25	4	6
સેન્ટનર કો.નીતિશ બો.અર્શદીપ	5	6	0	0
સ્મિથ નોટઆઉટ	6	3	1	0
મિલ્ને નોટઆઉટ	1	1	0	0
વધારાના	10			
કુલ (20 ઓવરમાં સાત વિકેટે)	259			

વિકેટપતન : 1-5, 2-34, 3-93, 4-112, 5-227, 6-246, 7-252

બોલિંગ	O	M	R	W
મયંક યાદવ	4	0	48	3
અર્શદીપ સિંહ	4	0	38	1
પ્રિન્સ યાદવ	4	0	49	1
નીતિશ કુમાર રેડ્ડી	4	0	64	1
અક્ષર પટેલ	3	0	43	1
નમન ધીર	1	0	16	0

ભારત	રન	બોલ	4	6
સેમસન કો.સૈફર્ટ બો.ડફી	4	2	1	0
અભિષેક કો.સેન્ટનર બો.ફિશર	27	15	3	1
ઇશાન કોએન્ડબો.ડફી	0	3	0	0
શ્રેયસ બો.મિલ્ને	22	11	4	0
અક્ષર કોએન્ડબો.સેન્ટનર	7	9	1	0
નીતિશ કો.બ્રેસવેલ બો.સેન્ટનર	21	10	0	2
તિલક કો.સૈફર્ટ બો.ફિશર	35	35	1	3
નમન કો.સ્મિથ બો.ડફી	28	13	2	2
અર્શદીપ કો.જેકબ્સ બો.ડફી	0	1	0	0
પ્રિન્સ નોટઆઉટ	18	17	2	1
મયંક નોટઆઉટ	3	4	0	0
વધારાના	7			
કુલ (20 ઓવરમાં નવ વિકેટે)	172			

વિકેટપતન : 1-4, 2-4, 3-50, 4-56, 5-86, 6-89, 7-121, 8-121, 9-158

બોલિંગ	O	M	R	W
જેકબ ડફી	4	0	23	4
એડમ મિલ્ને	4	0	35	1
નાથન સ્મિથ	4	0	47	0
મેથ્યુ ફિશર	4	0	40	2
મિચેલ સેન્ટનર	4	0	24	2

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી : જાપાનને 4-1થી હરાવી ભારતની સતત ત્રીજી જીત

ભારત વતી અભિષેકે બે અને વિષ્ણુકાંતે એક ફિલ્ડ ગોલ જ્યારે હરમનપ્રીતે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યો

જલંધર, તા. 30 (પીટીઆઈ) : પુરુષોની એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટમાં પાંચ વખતની ચેમ્પિયન ભારતીય હોકી ટીમે આજે શુક્રવારે અહીં જાપાનને 4-1થી હરાવીને સતત ત્રીજી જીત નોંધાવી હતી. આ મેચમાં સ્ટ્રાઈકર અભિષેક નૈને બે ગોલ કર્યા હતા.

ભારતે અગાઉ પોતાની શરૂઆતની બે મેચમાં બાંગ્લાદેશને 13-0થી અને ચીનને 5-2થી હરાવ્યું હતું. જાપાને દક્ષિણ કોરિયાને 3-2થી અને બાંગ્લાદેશને 1-0થી હરાવ્યું હતું. આજની મેચમાં ભારત માટે, અભિષેકે 11મી અને 51મી મિનિટે બે ફિલ્ડ ગોલ કર્યા હતા. કેપ્ટન હરમનપ્રીત સિંહે 47મી મિનિટે ટીમના એકમાત્ર પેનલ્ટી કોર્નરને ગોલમાં રૂપાંતરિત કર્યો જ્યારે વિષ્ણુકાંત સિંહે 56મી મિનિટે એક ફિલ્ડ ગોલ કર્યો હતો. જાપાન માટે એકમાત્ર ગોલ શોટા યામાદાએ 15મી મિનિટે પેનલ્ટી સ્ટ્રોકથી કર્યો હતો. એશિયન ગેમ્સ ચેમ્પિયન ભારતનો આગામી મુકાબલો રવિવારે મલેશિયા સામે થશે. તાજેતરમાં આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં ભારતે મલેશિયાને 5-1થી હરાવ્યું હતું. જાપાનનો મુકાબલો ચીન સામે થશે.

U-19 એશિયા કપ માટે દ્રવિડ, સેહવાગના પુત્ર ભારતીય ટીમમાં સામેલ

અન્વય દ્રવિડ અને આર્યવીર સેહવાગે તાજેતરમાં વિનુ માંકડ ટ્રોફીમાં આક્રમક બેટિંગ કરીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું

ઓમાનમાં 5થી 14 નવેમ્બર દરમિયાન વન ડે ફોર્મેટમાં રમાનારા અંડર-19 એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં

ભારતનું શેડ્યૂલ

ભારત વિરુદ્ધ નેપાળ	6 નવેમ્બર
ભારત વિરુદ્ધ પાકિસ્તાન	8 નવેમ્બર
ભારત વિરુદ્ધ યુએઈ	10 નવેમ્બર

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઇ) : અંડર-19 એશિયા કપ માટે આજે શુક્રવારે લક્ષ્ય રાયચંદાનીની કેપ્ટનશિપમાં જાહેર કરાયેલી ભારતીય ટીમમાં ભારતના બે દિગ્ગજ ક્રિકેટર રાહુલ દ્રવિડ અને વીરેન્દ્ર સેહવાગના પુત્ર અન્વય દ્રવિડ તેમજ આર્યવીર સેહવાગને સામેલ કરવામાં આવ્યા છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી) મેન્સ અંડર-19 એશિયા કપ 5 થી 14 નવેમ્બર દરમિયાન ઓમાનની રાજધાની મસ્કતમાં વન ડે ફોર્મેટમાં યોજાશે.

કર્ણાટકના અન્વય અને દિલ્હીના આર્યવીરે તાજેતરમાં સમાપ્ત થયેલી વિનુ માંકડ ટ્રોફીમાં પોતાની આક્રમક બેટિંગથી પ્રભાવિત કરીને પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું. આ મહિનાની શરૂઆતમાં અંડર-૧૯ ટુર્નામેન્ટમાં ગુજરાત સામે સત્તર વર્ષના અન્વયે માત્ર 100 બોલમાં 151 રન ફટકારીને કર્ણાટકને ૩૦૦ થી વધુના લક્ષ્યનો પીછો કરવામાં મદદ કરી હતી. તેણે અગાઉ જુલાઈમાં હંબનટોટામાં શ્રીલંકા સામેની યુવા વનડેમાં પોતાની પ્રતિભા દર્શાવી હતી, જેમાં તેણે 67 બોલમાં 87 રન બનાવ્યા હતા. ઓગણીસ વર્ષના આર્યવીરે પણ વિનુ માંકડ ટ્રોફીમાં પણ બેટથી શાનદાર પ્રદર્શન કર્યું હતું, તેણે વિજયનગરમમાં ચંદીગઢ સામે 143 બોલમાં 173 રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી.

ભારતને પાકિસ્તાન, નેપાળ અને સંયુક્ત આરબ અમીરાત (UAE) સાથે ગ્રુપ A માં મૂકવામાં આવ્યું છે. ગ્રુપ બીમાં બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને મલેશિયાની ટીમોનો સમાવેશ થાય છે.

ભારતીય અંડર-19 ટીમ

લક્ષ્ય રાયચંદાની (કેપ્ટન), આર્યવીર સેહવાગ, વી કે વિનીત, યશવર્ધન સિંહ ચૌહાણ (વાઈસ-કેપ્ટન), કુશાગ્ર ઓઝા, અર્જુન રાજપૂત, મનલ ચૌહાણ, અન્વય દ્રવિડ (વિકેટકીપર), રજત બઘેલ (વિકેટકીપર), વી યશવીર, આર્યન સવસાની, મોહિત ઉલ્વા, કાવ્ય પટેલ, શવિન વિનોદ, ઇશાન સુદ.

બેસલમાં જોકોવિચ હારતા ફેડરરના 103 ટાઈટલનો રેકોર્ડ સુરક્ષિત રહ્યો

જોકોવિચને જર્મનીના જાન-લેનાર્ડ સ્ટ્રફે ટાઇબ્રેકરમાં હરાવ્યો, બેન શેલ્ટન પણ નવોદિત સામે હાર્યો

બેસલ, તા. 30 (એપી) : સ્વિસ આઈકોન રોઝર ફેડરરના હોમટાઉન બેસલમાં રમાઈ રહેલી સ્વિસ ઈન્ડોર્સ ટેનિસ સ્પર્ધામાં 24 વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન નોવાક જોકોવિચનો પરાજય થયો છે. આ સાથે જ ફેડરરના કરિયરના 103 ટાઇટલની બરાબરી કરવાનું તેમનું સ્વપ્ન હાલ પૂરતું રોકાઈ ગયું છે.

ગુરુવારે રમાયેલી રોમાંચક મેચમાં 39 વર્ષીય સર્બિયન ખેલાડી જોકોવિચને જર્મનીના 47મો ક્રમ ધરાવતા જાન-લેનાર્ડ સ્ટ્રફે 6-7, 7-5, 7-6થી હરાવયો હતો. 15 વર્ષ બાદ બેસલ રમી રહેલા જોકોવિચે આ મહિનાની શરૂઆતમાં બીજિંગમાં પોતાનું 102મું ટૂર ટાઇટલ જીત્યું હતું. કરિયર ટાઇટલની યાદીમાં જીમી કોનર્સ 109 ટાઇટલ સાથે પ્રથમ અને રોઝર ફેડરર 103 ટાઇટલ સાથે બીજા ક્રમે છે. બીજી તરફ, સ્પર્ધામાં ટોપ સીડ ધરાવતા અમેરિકન ખેલાડી બેન શેલ્ટન પણ સ્વિટ્ઝરલેન્ડના 222મા ક્રમના વાઈલ્ડ કાર્ડ ધારક જેરોમ કાઈમ સામે 6-3, 6-7, 7-6 થી હારીને બહાર ફેંકાયો હતા. અન્ય મેચોમાં આર્થર ફિલ્સે એલેક્સ મિશેલસનને હરાવી ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવી હતી, જ્યાં તેનો સામનો ટેલર ફ્રિટ્ઝ સામે થશે.

રેસલિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીતી મનીષાએ ઇતિહાસ રચ્યો

રેસલિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીતનારી મનિષા પહેલી ભારતીય મહિલા અને સુશીલ કુમાર પછી બીજી ભારતીય રેસલર બની

અસ્તાના, તા. 30 : મનીષા ભાનવાલાએ આજે શુક્રવારે અહીં રેસલિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા રેસલર બનીને ઈતિહાસ રચ્યો હતો. 2010માં પુરુષોના 66 કિગ્રા કેટેગરીનું ટાઇટલ જીતનાર સુશીલ કુમાર પછી તે ભારતની બીજી રેસલર છે જે વિશ્વ ચેમ્પિયન બની છે.

મનીષાએ મહિલાઓના 59 કિગ્રા વજન કેટેગરીની ફાઈનલમાં યુનાઈટેડ સ્ટેટ્સની એબીગેઈલ નેટ્ટેને 8-6થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો. એક સમયે તે 0-6થી પાછળ હતી. ત્યારબાદ તેણે શાનદાર વાપસી કરીને પેન અમેરિકન ચેમ્પિયનને હરાવીને ભારતીય રેસલિંગમાં મહિલા વિશ્વ ચેમ્પિયનની લાંબી રાહનો અંત કર્યો હતો. મનીષાના ઐતિહાસિક વિજયથી આ વિશ્વ ચેમ્પિયનશિપ ભારતીય મહિલા રેસલિંગ માટે યાદગાર બની ગઈ. પ્રથમ વખત, ત્રણ ભારતીય મહિલા રેસલર્સે સ્પર્ધાની એક જ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ માટે ક્વોલિફાય થઈ હતી. ગુરુવારે નીલમ સિરોહી (૫૦ કિગ્રા) અને કાજલ ધોચક (૭૬ કિગ્રા) ને પોતપોતાના ફાઈનલમાં હારીને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો જ્યારે તનુ શર્માએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

સુડોકુ ૬૬૬૮

૧		૬		૮		૨		૩
૨	૭			૯	૧		૪	
૮	૯	૫	૩			૧		
૫			૧	૭	૩	૯		૪
૯			૫	૨	૮	૭	૬	
							૨	૫
૩	૨					૪		૯
૪			૯	૧	૭	૬		૨
૬			૨	૩	૪			

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

બ્રેન ટોનિક

સતત જીવન સંઘર્ષ, પ્રદૂષણ, સમાજ, દેશ દુનિયાની અસ્થિર પરિસ્થિતિ દરેક સંવેદનશીલ વ્યક્તિ ને પીડા કરે છે. પરિણામ સ્વરૂપ મનની સંચગ્રણા સ્વયં સ્વીચ ઓફ મોડમાં ચાલી જાય છે. જ્યોતિષમતિ બીજ પાંચ ભાગ, તજ અઢી ભાગ ગંઠોડા અઢી ભાગ લઈ, બારીક ચૂર્ણ કરી, જરૂર પૂરતો ગોળ ભેળવી, વીસ, ત્રીસ ગ્રામ ના વટક બનાવી રોજ સવાર સાંજ એક વટક ગરમ ઉકાળેલા દૂધ સાથે લેવી. માત્રા પ્રકૃતિ પ્રમાણે નક્કી કરી લેવી.

શબ્દગુંફન - ૭૨૮૪

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. ભળી જવું તે (૬)
૪. સમાચાર (૩)
૬. રસ વિનાનું (૩)
૭. આવ-જા (૬)
૧૦. ચીજ, નમૂનો (૨)
૧૧. વીસ ઘા કાગળ (૨)
૧૨. રાહ, રસ્તો (૨)
૧૩. ફળો વગેરેનું પ્રવાહી (૨)
૧૫. સમાનતાનો ભાવ (૪)
૧૯. રિવાજ, પ્રથા (૩)
૨૦. શ્લોકની કડી, દરજ્જો (૨)
૨૧. હેત, લાગણી (૩)
૨૩. ઉત્કટ ઈચ્છાવાળું (૫)
૨૪. એક તેલી બી (૨)
૨૫. ઘોડો (૨)
૨૬. પોષણ માટે જોઈએ તેટલો ખોરાક (૪)
૨૮. અપ્રમાણિક, વિશ્વાસઘાતી (૪)
૩૦. ખિસકોલી (૨)
૩૧. શ્રીદેવી-ઋષિ કપૂરની એક ફિલ્મ (૩)

ઊભી ચાવી

૧. દુનિયા, જગત (૨)
૨. અવાજ વિનાનું (૩)
૩. ગમ્મત, વિનોદ (૩)
૪. ઢીલ, વિલંબ (૨)
૫. વસવું તે (૪)
૬. પાણી, જળ (૨)
૭. મરે નહિ એવું, દેવ (૩)
૮. સૂર્ય (૨)
૯. શક, શંકા (૩)
૧૨. પગથિયાંવાળો કૂવો (૨)
૧૪. નજર, યાદદાસ્ત, ધ્યાન (૩)
૧૫. સરખી સપાટીનું (૪)
૧૬. મહેસૂલ તરીકે ખેતીની ઉપજનો ભાગ (૫)
૧૭. નકામું, બાદ કરેલું (૨)
૧૮. પખવાડિયાની નવમી તિથિ (૨)
૨૦. મંજૂરી (૫)
૨૨. હેત, લાગણી (૩)
૨૪. નાની ખાડી (૨)
૨૬. ભેળસેળવાળું (૨)
૨૭. નુકસાન (૨)
૨૮. મુરબ્બી, ધણી (૨)
૨૯. આદર, સન્માન (૨)



ન્યૂઝીલેન્ડ એ સામેની બીજી મેચ આજથી, સિરાજની વાપસીથી ભારત-એ મજબૂત

ભારત-એ ટીમ માટે ઓપનરોના ફોર્મની ચિંતા વચ્ચે દેવદત્ત પડિક્કલનું ફોર્મ પોઝિટિવ પાસુ

રાહુલ વન ડે ટીમ સાથે જોડાતા બીજી મેચ નહીં રમે, તેના સ્થાને ઝારખંડના શિખર મોહનનો સમાવેશ

ક્રાઈસ્ટચર્ચ, તા. 30 (પીટીઆઇ) : ન્યૂઝીલેન્ડ-એ સામે આવતીકાલે શનિવારથી શરૂ થઇ રહેલી બીજી બિનસત્તાવાર ટેસ્ટમાં દેવદત્ત પડિકલના શાનદાર ફોર્મ અને અનુભવી ઝડપી બોલર મહંમદ સિરાજની વાપસીથી ભારત-એ ટીમ મજબૂત બની છે.

આ ચાર દિવસીય મેચ ભારતીય ખેલાડીઓને ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે 19 નવેમ્બરથી શરૂ થનારી બે ટેસ્ટ મેચની સીરિઝ માટે તૈયારી કરવામાં મદદ કરશે. પડિકલ નિઃશંકપણે ભારત-એ માટે અત્યાર સુધીનો સૌથી મોટું પોઝિટિવ પાસુ રહ્યો છે. ભારત માટે ઓપનિંગ બેટ્સમેન યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલનું પ્રદર્શન ભારત માટે ચિંતાનો વિષય રહ્યું છે. જો કે રાહુલ હવે વનડે ટીમમાં જોડાવાનો હોવાથી બીજી મેચ નહીં રમે. ઝારખંડના 21 વર્ષીય ડાબોડી બેટ્સમેન શિખર મોહનને રાહુલના સ્થાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે અને રણજી ટ્રોફીમાં તેના પ્રભાવશાળી પ્રદર્શન બાદ તેને ભારત A ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે અને જો તેને તક મળશે તો તે પોતાની છાપ છોડવાનો પ્રયાસ કરશે. સિરાજના સમાવેશથી પેસ આક્રમણ વધુ મજબૂત બનશે કારણ કે તે આગામી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સીરિઝમાં જસપ્રીત બુમરાહ સાથે નવા બોલને સંભાળવા માટે સંપૂર્ણપણે તૈયાર દેખાય છે.

અનુસંધાન ... પાના પહેલાનું

ગ્લેશિયલ લેક...

વસાહતો, રસ્તાઓ, પુલો અને ખેતીની જમીનને નુકસાન પહોંચાડી શકે છે. શિન્ટાફુ સરોવર ભૂતાનના પુનાત્સંગ્છુ નદી બેસિનમાં આવેલું છે. ભારતમાં પ્રવેશ્યા પછી આ નદી સંતોષ નદી તરીકે ઓળખાય છે.

બંગાળ, આસામમાં...

નદીમાં વહી ગયું, જેના કારણે સંકોષ નદીના પાણીના સ્તરમાં વધારો થયો. અલીપુરદ્વારના એક જિલ્લા અધિકારીએ પીટીઆઈને જણાવ્યું, સાવચેતીના પગલારૂપે ૧૨,૦૦૦ લોકોને સુરક્ષિત વિસ્તારોમાં ખસેડ્યા છે. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે. આ ઘટનાએ ઉત્તર બંગાળ અને આસામના કેટલાક ભાગોમાં પૂરની ચેતવણી જારી કરી છે, જેમાં સત્તાવાળાઓ હિમાલયના રાજ્યમાંથી વહેતી નદીઓના પાણીના સ્તર પર નજીકથી નજર રાખી રહ્યા છે. જો કે, ઓક્ટોબર ૨૦૨૩માં ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડમાં મોટાપાયે વિનાશ અને ઘણા લોકોના જીવ ગુમાવનાર સિક્કમ આ આપત્તિથી અસરમુક્ત રહ્યું હતું. અધિકારીએ જણાવ્યું કે, પ્રભાવિત વિસ્તારોમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે, જ્યારે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF), સિવિલ ડિફેન્સ અને સ્થાનિક વહીવટીતંત્રની ટીમો પણ કટોકટી પ્રતિસાદને મજબૂત કરવા માટે તૈનાત કરવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું કે અત્યાર સુધી સંકોષ સાથે જોડાયેલા કુમારગ્રામ વિસ્તારમાં મોટા નુકસાન કે જાનહાનીના કોઈ અહેવાલ નથી. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે કોઈપણ આકસ્મિક સ્થિતિનો સામનો કરવા માટે જિલ્લા વહીવટીતંત્ર અને રિસ્પોન્સ ફોર્સ એલર્ટ પર હતા. આ સાંજે મુખ્યમંત્રી કાર્યાલય (CMO) દ્વારા કરવામાં આવેલી બીજી એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે GLOF પછી ધુબરી અને કોકરાઝારમાં પાણીનું સ્તર સ્થિર રહ્યું છે.

ભૂતાનમાં હિમશિખર...

પૂનાખાના ગુમા ગેલાંગ હેઠળના ડોચ્છુખા-ડ્ઝોમલિંગથાંગ-રિત્સા ચિવોગમાં સોલાર ઈરિગેશન લિફ્ટિંગ સિસ્ટમને આ અચાનક આવેલા પૂરને કારણે આંશિક નુકસાન થયું છે. આ સિસ્ટમ બંધ પડી ગઈ છે, જો કે નુકસાનનું ચોક્કસ પ્રમાણ હજુ આંકવામાં આવ્યું નથી. એક સ્થાનિક નેતાના જણાવ્યા અનુસાર, ચિવોગના રહેવાસીઓની પાણીની સમસ્યા હલ કરવા માટે આ વર્ષની શરૂઆતમાં જ સિંચાઈ પ્રણાલી સ્થાપિત કરવામાં આવી હતી. ગુરુવારે સાંજે ભૂતાનના ગાસા જિલ્લામાં વાકિલા પર્વતની નીચે આવેલી શિન્ટાફુ ઝીલ ખાતે આ જળ પ્રલયની જાણ થઈ હતી. આ સરોવર મો ચ્હુ નદી બેસિનના ઉપરવાસમાં આવેલું છે. જ્યારે તે છલકાય છે, ત્યારે પાણી દક્ષિણ તરફ મો ચ્હુ નદીમાં વહે છે, જેના કારણે નીચેકાંઠે પૂર આવે છે. શિન્ટાફુ સરોવર ભૂતાનના 17 સંભવિત જોખમી ગ્લેશિયલ સરોવરોમાંનું એક છે. નેશનલ સેન્ટર ફોર હાઈડ્રોલોજી એન્ડ મેટ્રોલોજી (NCHM) ના એક અધિકારીએ જણાવ્યું હતું કે ટાક્તસિમાખાંગ ખાતે પાણીના સ્તરનું નિરીક્ષણ કરતું સ્ટેશન આવેલું હતું. જો કે, પ્રારંભિક અહેવાલો મળ્યા ત્યારે ત્યાં કોઈ ચેતવણી આપવામાં આવી ન હતી. પૂરની તીવ્રતા અને તેની નીચેકાંઠે પડેલી અસર હજુ અસ્પષ્ટ છે.

જીવનના છેલ્લા...

રહ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળ્યાને 25 વર્ષ પૂર્ણ થયા બાદ બનાસકાંઠાની આ તેમની પ્રથમ મુલાકાત હતી. મુખ્યમંત્રી બન્યા બાદ ડીસામાં પોતાનો પ્રથમ મોટો જાહેર કાર્યક્રમ યોજાયો હતો તેની યાદ તાજી કરતાં મોદીએ કહ્યું હતું કે, જ્યાંથી તેમની જાહેર જીવનની સેવા યાત્રાનો પ્રારંભ થયો હતો, ત્યાં જ 25 વર્ષની સફરનો હિસાબ આપવાનો અવસર મળ્યો છે. મોદીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે જ્યારે દેશ કટોકટીમાં સપડાય છે ત્યારે વિપક્ષ આનંદ મનાવે છે અને લોકોમાં ભય ફેલાવે છે. ખેડૂતોને કેન્દ્રમાં રાખીને યોજાયેલા આ કાર્યક્રમમાં મોદીએ એક તરફ પોતાની સરકારની કૃષિ અને પશુપાલન ક્ષેત્રની કામગીરીના આંકડા રજૂ કર્યા હતા, તો બીજી તરફ વૈશ્વિક યુદ્ધની સ્થિતિનો ઉલ્લેખ કરીને વિપક્ષની રાજનીતિ સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, યુદ્ધ ચાલુ હોવા છતાં દેશમાં ખાતરની અછત થવા દીધી નથી અને આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ વધારાનો બોજ પણ ખેડૂતો પર પડવા દીધો નથી. ખેડૂતોને ગભરાવવાની અને કૃત્રિમ કતારો ઊભી કરીને વાતાવરણ બગાડવાની કોશિશ કરવામાં આવી હતી, પરંતુ સરકાર ખેડૂતોની પડખે મજબૂતીથી ઊભી રહી છે. મોદીએ 7 ઓક્ટોબર, 2001ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પ્રથમ વખત શપથ લીધાની યાદ તાજી કરતાં કહ્યું હતું કે, સામાન્ય પરિવારમાંથી આવેલા એક વ્યક્તિને ગુજરાત અને ત્યારબાદ દેશની સેવા કરવાની જવાબદારી લોકોએ સોંપી છે. જનસેવાથી રાષ્ટ્રસેવા અને ગુજરાતના વિકાસથી દેશનો વિકાસ, આ બે જ બાબતોને જીવનનો આધાર બનાવ્યો હોવાનું જણાવી તેમણે પોતાની 25 વર્ષની જાહેરજીવનની સફરનો શ્રેય ગુજરાત અને દેશની જનતાને આપ્યો હતો.

આજનું પંચાંગ

તા. 31/10/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: વદ: છઠ:- 16:58
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-09 **યોગ :** સિધ્ધ
કરણ: વિષ્ટિ **નક્ષત્ર :** આર્દ્રા: 07:12 પછી પુર્નવસુ
રાશિ: મિથુન (ક,છ,ઘ) 24:00 પછી કર્ક (ડ,હ)
દિવસ : મિશ્ર- સરદાર પટેલ જયંતી- ગુરુ સિંહમાં: 12:02 થી
સુરતમાં સૂર્યોદય : 06:42 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:03
નવકારસી : 07:30
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 18 મો રોજ
મુસલમાન વર્ષ : 1448 જમાદીલ ઊલ અવલ માસનો 19મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ,
રાહુ કાળ : સવારે: 09:30 થી 11:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): નોકરિયાતની અશાંતિ વધે. ધંધાદારીની આવક વધે. પરિવારમાં વડીલોની મદદ મળે.

વૃષભ (બ,વ,ઉ,): ઘરના સભ્યો સાથે સમય પસાર થાય. ઘરના કામમાં મદદરૂપ બનશો. રોજની આવક વધશે.

મિથુન (ક,છ,ઘ,): આર્થિક સ્થિતિ સુધરશે. મહત્ત્વના પ્રોજેક્ટમાં રોકાણ થાય. માનસિક શાંતિ મળે. ધંધામાં પ્રગતિ થાય.

કર્ક (ડ,હ,): ધીરજ રાખવી આવેલી તક ચાલી જઈ શકે છે. પોતાના નિર્ણયોમાં મક્કમ રહેવુ. દેખાડો કરવાનું ટાળવું.

સિંહ (મ,ટ,): મિત્રોની મદદથી વેપાર-ધંધામાં નવા ફેરફારથી લાભ થાય. નવુ શીખવા મળે. પ્રેમમાં સામાન્ય રહે.

કન્યા (પ,ઠ,ણ,): નવી નોકરીની તક મળે. ધંધામાં નવી યોજના બને. જવાબદારી નિભાવવાનું પરિણામ મળે. આવક વધે.

તુલા (ર,ત,): નવા કામમાં નવું માર્ગદર્શન મળે. તમારી બુદ્ધિશક્તિની કદર થાય. વિદ્યાર્થીઓની કારકિર્દી બને.

વૃશ્ચિક (ન,ય,): હરીફાઈ યુક્ત પરીક્ષામાં સફળતા મળે. સરકારી નોકરીની તૈયારીમાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): વેપાર-ધંધામાં મિત્રો-સ્વજનો અને ભાગીદારોનો સાથ મળે. તમારી પ્રતિભાની કદર થાય. આવક વધશે.

મકર (ખ,જ,): સરકારી નોકરિયાતે લાલચથી દૂર રહેવુ. સાથે કામ કરનારને મદદરૂપ બનશો. મોજ શોખના ખર્ચા વધશે.

કુંભ (ગ,સ,શ,ષ,): તમારા નિર્ણયો પર મક્કમ રહો. નવાં રોકાણમાં ધીરજ રાખો. મિત્રોની મદદથી નવી ધંધાકીય યોજના બને.

મીન (દ,ચ,ઝ,થ,): તમારી કારકિર્દીને આગળ વધારવાની તક મળે. નવાં ઘર ખરીદવાની યોજનામાં પ્રગતિ થાય.

કોઈ પણ સાલમાં 31 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ચડતી-પડતી વાળુ રહેશે. નોકરીમાં પ્રમોશન અને પ્રગતિ થાય. ધંધામાં હરીફો વધશે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. તથા વિદેશ અભ્યાસની યોજનામાં પ્રગતિ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. ટેકનોલોજીની મદદ મળે. ઉંમરલાયકને પ્રેમ-વિવાહમાં મદદ મળે. વિદેશના કામમાં કાયદાકીય મદદ મળે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં મદદ મળે. નવાં ઘર, વાહન, મકાનની યોજના બને. નવાં વેપાર-ધંધામાં વડીલોની મદદ મળે. સંતાનોના કેરીયર- અભ્યાસમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં અવરોધ આવે. સ્ત્રી વર્ગને અશાંતિ અને કૌટુંબિક સમસ્યાનો સામનો વધશે. યાત્રા- પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં રવિ-બુધ અને સોમવારે 04, 13, 22 31 તારીખે નવા કામ કરવા. નીલા રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર-ડિસેમ્બરમાં, શનિ-શુક્રવારે 07, 16, 25 તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. રાહુના ઉપાય કરતાં રહેવું.